Managed by Jivan Jyot Trust, Amroli - Surat

J. Z. SHAH ARTS & H. P. DESAI COMMERCE COLLEGE, AMROLI - SURAT

Grant in Aid College Affiliated to Veer Narmad South Gujarat University, Surat
B. A. [Principal - Gujarati & Economics] - B. Com. [Eng. & Guj. Medium]
M. A. [Gujarati, English, Economics] - M. Com. [Accountancy - English & Gujarati Medium]

YEARS OF CELEBRATION 1991 - 2020

*Re-Accredited 'B++' (CGPA 2.94) by National Assessment And Accreditation Council Sept.-2019 Bengaluru*
*An ISO QMS - 9001 : 2015, EMS - 14001 : 2015 & OHSAS - 18001 : 2007 (IMS) Certified Institute*

**Out Ref. No.: 293/2020-21**
**Date: 08-10-2020**

પ્રતિ,
આદરણીય તંત્રીશ્રી/આદરણીય સંચાલકશ્રી,
સુરત.

સુજ્ઞમહાશય,

સવિનય જણાવવાનું કે, આ સાથેના સમાચાર આપશ્રીના સુપ્રસિધ્ધ અખબારમાં વિનામૂલ્યે છાપી આભારી કરશોજી. સહકારની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

(ડૉ.કે.એન.ચાવડા)
આચાર્યશ્રી.

## "અંદામાન નિકોબારનું વ્યુહાત્મક મહત્વ"
## વિષય પર ૨૭માં નેશનલ વેબીનારનું અમરોલી કોલેજ દ્વારા આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઇ કોમર્સ કોલેજ, અમરોલી દ્વારા તા. ૦૮, ઓક્ટોબર ૨૦૨૦ ગુરૂવારના રોજ "અંદામાન નિકોબારનું વ્યુહાત્મક મહત્વ" વિષય અંતર્ગત **Zoom, Microsoft Team, You Tube, Twitter, Face Book** અને **Instagram** ના માધ્યમથી ૨૭માં નેશનલ વેબીનારનું આયોજન થયું હતું. જેમાં વરિષ્ઠ પત્રકાર અને સેન્ટર ફોર હિમાલયન એશિયા સ્ટડીઝ એન્ડ એન્ગેજમેન્ટ ***(CHASE)*** ના પ્રમુખ આદરણીયશ્રી વિજય ક્રાંતિજી મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમજ સમગ્ર ભારતના વિવિધ રાજ્યોમાંથી ૩૬૧૮ જેટલા લોકોને સંબોધિત કર્યા હતા. આદરણીયશ્રી વિજય ક્રાંતિ સરે જણાવ્યું કે, અંદામાન નિકોબાર સંરક્ષણની દ્રષ્ટિએ, પર્યટન ક્ષેત્રે તેમજ ઇન્ટરનેશનલ શીપીંગ હબ તરીકે ખૂબ જ ઉપયોગી છે. અંદામાન નિકોબારનો કુલ ક્ષેત્રફળ ૮૨૫૯ સ્કે. કિ.મી. છે. જેમાં ૫૭૨ આઇલેન્ડ આવેલા છે. અંદામાન નિકોબાર હોંગકોંગ કરતાં ૮ ગણું મોટું તેમજ સિંગાપોર કરતાં ૧૧ ગણા મોટા વિસ્તારમાં ફેલાયેલો છે. જેમાં ત્રણ સમુદ્ર-બંગાળની ખાડી, હિંદ મહાસાગર તેમજ મલ્લકા સ્ટ્રેટથી જોડાયેલો છે. અંદામાન નિકોબાર ૬ દેશો સાથે ખૂબ જ નજીકથી જોડાયેલો છે. ભારત સરકારે હમણાં જ ચેન્નાઇથી પોર્ટ બ્લેર વચ્ચે ટુરીસ્ટને ૨૩૧૨ કિ.મી. ના ઓપ્ટીકલ ફાબઇર સાથે જોડી દેવામાં આવ્યો છે. જેનાથી નેવલ બેઇઝ, સૈન્ય ગતિવિધિમાં, આંતર રાષ્ટ્રીય બિઝનેશ ક્ષેત્રે અને કોમ્યુનિકેશનની દ્રષ્ટિએ ખૂબ જ અગત્યનું છે. સરકાર દ્વારા જો અંદામાન નિકોબારમાં ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો વિકાસ કરવામાં આવે તો દુનિયામાં સૌથી મોટુ રક્ષા કેન્દ્ર, ઇન્ટરનેશનલ શીપીંગ હબ અને ટુરીસ્ટ ડેસ્ટીનેશન બની શકે.

દર્શક મિત્રોના વિવિધ પ્રશ્નોના જવાબ ઉદાહરણ સહિત આપ્યા હતા. મુખ્ય વકતાશ્રીનો પરિચય ડૉ. ચિરાગ સિધ્ધપુરીયાએ તેમજ આભારવિધિ ડૉ. સેજલ દેસાઇએ કરી હતી. વેબીનારનું સંચાલન જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઇ શાહ, અમરોલી કોલેજના આચાર્યશ્રી ડૉ.કે.એન.ચાવડા, ડૉ. સેજલ દેસાઇ, ડૉ. ચિરાગ સિધ્ધપુરીયા, ડૉ. મેહુલ શાહ તેમજ શૈક્ષણિક અને વહીવટી કર્મચારીઓ દ્વારા સફળતા પૂર્વક કરવામાં આવ્યું હતું.

**You Tube Link: https://youtu.be/dfykPR25lKE**

E-mail : principal@acs.ac.in Website : www.acs.ac.in Ph. No. : (0261) 2499382-2495288-2495600-2409002
At. & Post : AMROLI-SURAT-394107, STATION : UTRAN (W.R.), TA. CHORYASI, DIST : SURAT, GUJARAT (INDIA) +91 90991 33386